ગુજરાતી

# ગરવી ગુજરાતી

દ્વિતીય/તૃતીય (સંપૂર્ણ)

## ધોરણ – ૯



# ભારતનું સંવિધાન

## ભાગ ૪ ક

## નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

**અનુચ્છેદ ૫૧ ક**

**મૂળભૂત કર્તવ્ય - ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે -**

(ક) દરેક નાગરિકે સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.

(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.

(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.

(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.

(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.

(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.

(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.

(જ) વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.

(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.

(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા-શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.

(ટ) ૬થી ૧૪ વય જૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

# ગુજરાતી

## દ્વિતીય/તૃતીય (સંપૂર્ણ)

# ગરવી ગુજરાતી

## ધોરણ - ૯

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ
પુણે - ૪૧૧ ૦૦૪

3XE2TJ

તમારાં સ્માર્ટફોનમાં DIKSHA App દ્વારા પાઠ્યપુસ્તકનાં પહેલા પાનાં પરના Q.R. Codeથી ડિઝીટલ પાઠ્યપુસ્તક અને દરેક પાઠમાં આપેલા Q.R. Codeથી તે સંબંધિત પાઠનાં અધ્યયન-અધ્યાપન માટે ઉપયોગી દૃશ્ય-શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે.

પ્રથમાવૃત્તિ : ૨૦૧૭
પુનર્મુદ્રણ : ૨૦૨૧

© મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - ૪૧૧૦૦૪

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈ પણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.

ગુજરાતી ભાષા સમિતિ સદસ્ય : સુશ્રી. કલ્પના મહેતા, અધ્યક્ષ
ડૉ. મધુ સંપટ
શ્રીમતી સ્મિતા દવે
શ્રી. ઈલેશકુમાર આર. ગાંધી

ગુજરાતી અભ્યાસજૂથ : સુશ્રી ઈલા શુક્લ
શ્રીમતી ભગવતી એ. પંડ્યા
ડૉ. દિપ્તી શુક્લ

નિમંત્રિત : શ્રીમતી જનક દાવડા
શ્રી. પ્રફુલ આર. શાહ
શ્રીમતી કેતકી નિતેશ જાની, સદસ્ય - સંયોજક

સંયોજક પ્રમુખ : શ્રીમતી કેતકી નિતેશ જાની
વિશેષાધિકારી ગુજરાતી, પાઠ્યપુસ્તક મંડળ, પુણે-૪

ચિત્રાંકન અને મુખપૃષ્ઠ : શ્રી. સૌરભ ચવ્હાણ, પુણે

નિર્મિતિ : શ્રી. સચ્ચિતાનંદ આફળે, મુખ્ય નિર્મિતિ અધિકારી
શ્રી. રાજેંદ્ર ચિંદરકર, નિર્મિતિ અધિકારી
શ્રી. રાજેંદ્ર પાંડલોસકર, સહાયક નિર્મિતિ અધિકારી

અક્ષરાંકન : ગુજરાતી વિભાગ, પાઠ્યપુસ્તક મંડળ, પુણે - ૪.

ફોટોટાઈપ સેટિંગ : સોનલ એંટરપ્રાઈજેસ, મુંબઈ.

કાગળ : 70 GSM Creamwove

મુદ્રણાદેશ :

મુદ્રક :

પ્રકાશક : શ્રી. વિવેક ગોસાવી, નિયંત્રક
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ, પ્રભાદેવી, મુંબઈ - ૨૫.

## પ્રસ્તાવના

પ્રિય વિદ્યાર્થી મિત્રો,

ધોરણ ૯ માં આપનું સ્વાગત છે. 'ગરવી ગુજરાતી' આ પુસ્તક આપના હાથમાં આપતા અમને અત્યંત આનંદ થાય છે.

મિત્રો, દ્વિતીય/તૃતીય ભાષા (સંપૂર્ણ) અંતર્ગત તમારે ગુજરાતીના આ પુસ્તકનો અભ્યાસ કરવાનો છે. આ પાઠ્યપુસ્તકમાં સામાજિક-બોધાત્મક-રમૂજી- ભાવનાપ્રધાન- જનજાગૃતિ પ્રેરક અને દેશપ્રેમ સંવર્ધક પાઠ આપેલા છે. તે સાથે જ નૈતિક મૂલ્ય વધારનારાં, સ્ત્રી-પુરુષ સમાનતાની ભાવના દઢ કરનારાં, નવું કરવાની જિજ્ઞાસા જાગૃત કરનારાં અને જીવનમાં હંમેશાં પ્રગતિની દિશા તરફ જવા તત્પર કરનારાં કાવ્યો આપેલાં છે.

ભાષિક સમજ અંતર્ગત ખૂબ જ સરળ અને સાદી પદ્ધતિથી વ્યાકરણ આપ્યું છે. તમે એ સહજ સમજી જશો. અલગ અલગ પ્રકારના સ્વાધ્યાયનો અભ્યાસ કરવાથી તમારી સર્જનશક્તિ વિકસશે, કલ્પનાશક્તિ વધશે અને આકલનશક્તિ દઢ થશે તેવો વિશ્વાસ છે. ''વાંચો, વિચારો અને નક્કી કરો'' જેવા ઉપક્રમ તમારી શબ્દસંપત્તિ સમૃધ્ધ કરશે. વિશેષ વાંચન અને લેખન કૌશલ્ય અંતર્ગત આપેલી માહિતી ચોક્કસ જ્ઞાનવર્ધક થશે. આ પુસ્તકના કારણે નવીન ટેકનોલોજી અને ઈન્ટરનેટનો તમારા વિકાસ માટે કેવો ઉપયોગ કરવો, તે પણ જાણ થશે.

વર્ષાંતે આપ સૌ વિદ્યાર્થીઓને અપેક્ષિત ક્ષમતાઓ નિશ્ચિત પ્રાપ્ત થશે તેવો વિશ્વાસ છે. આપના સૂચનો અને પ્રતિભાવોનું સ્વાગત છે. સર્વને શુભેચ્છા.



પુણે
દિનાંક : ૨૮ એપ્રિલ ૨૦૧૭, અખાત્રીજ
ભારતીય સૌર : ૮ વૈશાખ ૧૯૩૯

(ડૉ. સુનિલ મગર)
સંચાલક
પાઠ્યપુસ્તક
નિર્મિતિ મંડળ, પુણે - ૪

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો

તથા તેના સર્વ નાગરિકોને :

સામાજિક, આર્થિક અને રાજકીય ......................ન્યાય

વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,

ધર્મ અને ઉપાસનાની ...............................સ્વતંત્રતા

દરજ્જા અને તકની ..................................સમાનતા

પ્રાપ્ત થાય તેમ કરવાનો

અને તેઓ સર્વમાં

વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની

એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી ................બંધુતા

વિકસાવવાનો

ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાનસભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી અમને પોતાને અર્પિત કરીએ છીએ.

# રાષ્ટ્રગીત

જનગણમન – અધિનાયક જય હે
ભારત – ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જયગાથા.
જનગણ મંગલદાયક જય હે,
ભારત – ભાગ્યવિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

# અનુક્રમણિકા

પદ્ય વિભાગ :


| ક્રમ | પાઠ/કાવ્યનું નામ | લેખક/કવિનું નામ | પૃષ્ઠ ક્ર. | અપેક્ષિત પિરિયડ |
|---|---|---|---|---|
| ૧. | જીવન જ્યોત જગાવો | ત્રિભુવનદાસ લુહાર 'સુંદરમ્' | ૧ | ૭ |
| ૨. | ફરવા આવ્યો છું | નિરંજન ભગત | ૭ | ૭ |
| ૩. | ચીલો નવો | ડૉ. ભીખુ વેગડા | ૧૧ | ૭ |
| ૪. | દીકરો | મુકુલ ચોકસી | ૧૬ | ૭ |
| ૫. | શિક્ષા શાણાને | દયારામ | ૨૨ | ૭ |
| ૬. | ધૂળિયે મારગ | મકરન્દ દવે | ૨૮ | ૭ |
| ★ | ભાષિક સમજ – કાળ | – | ૩૩ | ૪ |
| ★ | ઉપક્રમ – વાંચો, વિચારો અને નક્કી કરો | – | ૩૪ | ૨ |


ગદ્ય વિભાગ :


| | | | | |
|---|---|---|---|---|
| ૧. | ભાતાનું પોટલું | ધીરજલાલ બ્રહ્મભટ્ટ | ૩૫ | ૮ |
| ૨. | ઢોરાં | ઈશ્વર પરમાર | ૪૧ | ૮ |
| ૩. | ચોરને માલૂમ થાય કે... | જગદીશ ત્રિવેદી | ૪૬ | ૮ |
| ૪. | નામ વગરનું સ્ટેશન | નરસિંહરાવ દિવેટિયા | ૫૩ | ૮ |
| ૫. | જાગૃતતાની કેડીએ | વિઠ્ઠલ પંડ્યા | ૬૦ | ૮ |
| ૬. | પરિવર્તન | જનક દવે | ૬૭ | ૮ |
| ★ | ભાષિક સમજ : સમાસ | – | ૭૫ | ૮ |
| ★ | ઉપક્રમો : વાંચો, વિચારો અને લખો | – | ૭૭ | ૨ |
| નોંધ – લેખન કૌશલ્ય અને વિશેષ વાંચન માટે | | | | ૨૨ |
| અલગ અલગ પિરિયડો ફાળવેલા છે. | | | | ૨૨ |
| | | | | ૧૫૦ |

# અપેક્ષિત ક્ષમતા - ધોરણ ૯ (દ્વિતીય/તૃતીય)

**English Medium**

| ક્ષેત્રો | અપેક્ષિત ક્ષમતા |
|---|---|
| શ્રવણ : | • ઘર-પરિસરમાં થતા અનૌપચારિક સંભાષણ સાંભળીને સમજે.<br>• કવિતાનો આનંદ લે. કવિતાનો લય-તાલ સાંભળે અને સમજે.<br>• નાટકનું શ્રવણ કરે.<br>• પરિચિત અને અપરિચિત પ્રસંગો તથા સંવાદો સમજપૂર્વક સાંભળે.<br>• બોલીભાષા અને પ્રમાણભાષા સાંભળીને સમજવા સમર્થ બને.<br>• સંદેશવહન (મિડિયા)ના માધ્યમ દ્વારા વિવિધ સમાચારો સાંભળે, સમજે અને દેશની વર્તમાન પરિસ્થિતિથી વાકેફ રહે. |
| ભાષણ - સંભાષણઃ | • શાળામાં આયોજિત વિવિધ કાર્યક્રમ / સંવાદો / પ્રસંગો આત્મવિશ્વાસપૂર્વક રજૂ કરે.<br>• ગીતો, કવિતા, પ્રાર્થના યોગ્ય આરોહ-અવરોહ અને સૂર-તાલ સાથે આનંદથી ગાય.<br>• મિત્રો સાથે જૂથચર્ચામાં પોતાના વિચારો વ્યક્ત કરે.<br>• સમસ્યાની ચર્ચા કરી સમાધાનો સૂચવે.<br>• કાર્યક્રમનું સંચાલન કરે.<br>• સ્વાગત પ્રવચન અને આભારદર્શન કરે.<br>• શાલેય કાર્યક્રમો અને સામાજિક ઘટનાઓનું વર્ણન કરે. |
| વાંચન : | • યોગ્ય ગતિમાં સમજપૂર્વક પ્રકટવાંચન અને મૂકવાંચન કરે.<br>• પાઠ્યપુસ્તક અસ્ખલિત રીતે વાંચી શકે અને વાંચનમાં ગતિ વધારે.<br>• પુસ્તકેતર વાંચન સમજપૂર્વક કરે, ગ્રંથાલયનો ઉપયોગ કરે.<br>• પ્રશ્નોના ઉત્તર માટે સંદર્ભગ્રંથનો ઉપયોગ કરે.<br>• ગુજરાતી શબ્દકોશ વાંચે.<br>• સાહિત્યના વિવિધ સ્વરૂપોનું વાંચન કરે.<br>• નિજાનંદ માટે વાંચે.<br>• સાર્વજનિક સ્થળો પરની સૂચના સમજીને વાંચે. |

| ક્ષેત્રો | અપેક્ષિત ક્ષમતા |
| --- | --- |
| લેખન : | • શબ્દભંડોળનો લેખનમાં ઉપયોગ કરે.<br>• સ્વમત લેખન કરે.<br>• પત્રલેખન, નિબંધ લેખન, પ્રવાસ-વર્ણન, નાના સંવાદો લખે.<br>• માહિતી આકૃતિ/ચાર્ટ દ્વારા રજૂ કરે.<br>• અનુવાદ કરે.<br>• આપેલા વિષય પર ટૂંકો સંદેશો લખે.<br>• સુવાચ્ય અક્ષરે સ્પષ્ટપણે લેખન કરે. |
| અધ્યયન કૌશલ્ય : | • ગુજરાતી ભાષા સાથે અન્ય ભાષા શીખવાનો અભિગમ કેળવે અને અન્ય ભાષા સાથે અનુબંધ કેળવે.<br>• ભાષાના કૌશલ્યને યોગ્ય રીતે પ્રસ્તુત કરવાની આદત પાડે.<br>• પાઠ કે કવિતાના અંશને વાંચી, સાંભળી, સમજીને સ્વાનુભૂતિ લખે.<br>• નિરીક્ષણશક્તિ, કલ્પનાશક્તિ, સમીક્ષકવૃત્તિ તેમજ સર્જનશક્તિ ખીલે.<br>• સ્વયં મૂલ્યમાપનની ક્ષમતા વિકસે.<br>• ભાષિક કૌશલ્યોને આધારે કૃતિ કરી શકે.<br>• જીવનમૂલ્યોને સમજે અને તે પ્રમાણે વર્તન કરે. |
| ભાષિક સમજ : | • આપેલા શબ્દોના લિંગ-વચન ઓળખે અને બદલે.<br>• નિયમાનુસાર શુદ્ધ લેખન કરે.<br>• જોડણીના નિયમો સમજે અને વિરામચિહ્નોનો યોગ્ય ઉપયોગ કરે.<br>• વ્યવહારિક વ્યાકરણની સમજ કેળવે.<br>• રૂઢિપ્રયોગોનો સાર્થક ઉપયોગ કરતાં શીખે.<br>• વાક્યના પ્રકારો ઓળખે, સંધિ વિગ્રહ કરે.<br>• વિશેષણ શોધે, સમાનાર્થી - વિરોધી અર્થવાળા શબ્દો લખે. |